**૨૯/૦૩/૨૦૨૧**

**પ્રતિ,**

**મુખ્ય અગ્રસચિવશ્રી,**

**મહેસુલ વિભાગ, બ્લોક નં-૧૧,**

**પાંચમો માળ, નવા સચિવાલય,**

**ગાંધીનગર - ૩૮૨૦૧૦**

**વિષયઃ ઓનલાઇન પરવાનગી અને વેરીફીકેશનની પ્રક્રિયા ઝડપી થાય તે સંદર્ભે કાર્યવાહી કરવા બાબતે...**

મહેરબાન સાહેબશ્રી,

સવિનય સહ ઉપરોક્ત વિષય સંદર્ભે આપશ્રીને જણાવવાનું કે, સતત વિકાસ પામતા ગુજરાતમાં ડીજીટલ માધ્યમથી ઘણી પ્રક્રિયાઓ સરળ થઇ રહી છે. ઓનલાઇન અરજી, પરવાનગી, અરજીનું વેરીફીકેશન અને તેના નિકાલની પ્રક્રિયા વધુ સરળતાથી થઇ શકે તે માટે ડીજીટલ માધ્યમ પર ભાર મુકયો છે જે સરાહનીય છે. પરંતુ ઓનલાઇન માધ્યમ દ્વારા બિનખેતી, કલમ-૬૩ વગેરેની પરવાનગી તેમજ હેતુફેર વિગેરે જેવી ઓનલાઇન પરવાનગી પ્રિ-વેરીફિકેશનની પ્રક્રિયામાં ઘણો વિલંબ થાય છે. ઓનલાઇન વેરીફીકેશન માટે અન્ય જીલ્લાઓના અધિકારીઓ હેઠળ વેરીફાય થતી હોય છે. જે અરજીના નિકાલ માટે અંદાજીત ૧૫ થી ૨૦ દિવસ જેટલો વધુ સમય જાય છે. ઓનલાઇન પરવાનગી મેળવવાની પ્રક્રિયાનું વધુ ઝડપી અને સરળી બને તે માટે સ્થાનિક જીલ્લાની અરજીનો નિકાલ જે-તે જીલ્લાના સ્થાનિક અધિકારી દ્વારા જ પ્રિ-વેરીફાઇડ અને સ્વીકૃત થાય તે વધુ હિતાવહ છે. અમો ક્રેડાઇ-સુરત વતી આપશ્રીને નમ્ર અરજ છે કે ૩ થી ૪ દિવસમાં આવી અરજીનો નિકાલ થાય તે માટે સ્થાનિક જીલ્લાના અધિકારી તે પ્રક્રિયા હાથ ધરે અને અરજીનો ઝડપથી નિકાલ કરે તેવી વ્યવસ્થા કરવા આપને વિનંતિ છે.

**લિ. આપના વિશ્વાસુ**

| | | |
|---|---|---|
| **સુરેશ પટેલ** | **રવજીભાઇ પટેલ** | **વિજય ધામેલિયા** |
| **ચેરમેન** | **પ્રમુખ** | **માનદ્‌મંત્રી** |
| **ક્રેડાઇ-સુરત** | **ક્રેડાઇ-સુરત** | **ક્રેડાઇ-સુરત** |